તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું મેગેઝિન

# એપ્રિલ 2026 Part 2

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ


ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/નાયબ મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

7600051070




# Most Imp Current Affairs - 16 TO 30 April 2026

## 16 એપ્રિલ

- 16 એપ્રિલના રોજ વિશ્વ અવાજ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસની વર્ષ 2026ની થીમ **'Caring for our Voices'** છે.
- નીતીશ કુમારે બિહારના મુખ્યમંત્રી તરીકે 21 વર્ષના લાંબા શાસન બાદ રાજીનામું આપ્યું. બિહારના નવા મુખ્યમંત્રી તરીકે **સમ્રાટ ચૌધરીની** નિયુક્તિ કરવામાં આવી. આ સાથે બિહારમાં પ્રથમ વખત ભારતીય જનતા પાર્ટીના નેતા મુખ્યમંત્રી પદ પર આવશે. નીતીશ કુમાર રાજ્યસભાના સભ્ય બન્યા છે. અને તેઓ લોકસભા, રાજ્યસભા, વિધાનસભા અને વિધાનપરિષદ એમ ચારેય ગૃહના મંત્રી સેવા આપનાર નેતા બન્યા છે.
- ઇન્ટિગ્રલ યુનિવર્સીટી ખાતે એસોસિએશન ઓફ ઇન્ડિયા યુનિવર્સીટીઝ નેશનલ મૂટ કોર્ટ સ્પર્ધા 2026માં **બનારસ હિંદુ યુનિવર્સીટી** વિજેતા બની. મૂટ કોર્ટ સ્પર્ધા કાયદાના વિદ્યાર્થીઓમાં વકીલાતની કુશળતા, આત્મ વિશ્વાસ અને ન્યાયિક પ્રક્રિયાઓની પ્રેક્ટિકલ સમાજ કેળવવામાં મદદરૂપ થાય છે.
- વિઝડન દ્વારા વર્ષ 2025 માટે ભારતીય ઓલરાઉન્ડર **દીપ્તિ શર્મા** અને ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર **મિચેલ સ્ટાર્કની** લીડિંગ ક્રિકેટર્સ ઈન ધ વર્લ્ડ તરીકે પસંદગી કરવામાં આવી.
- કેન્દ્ર સરકાર દ્વારા લોકસભાની વર્તમાન 543 બેઠકોને વધારીને **850** કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. તેમાં **815** બેઠકો રાજ્યોને અને બાકીની **35** બેઠકો કેન્દ્રશાસિત પ્રદેશને ફાળવવાનો પ્રસ્તાવ છે.
- કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી જિતેન્દ્ર સિંહ દ્વારા **'SARAL AI' (Simplified and Automated Research Amplification and Learning)** નામના પ્લેટફોર્મની જાહેરાત કરવામાં આવી છે. આ પ્લેટફોર્મ અનુસંધાન નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન (ANRF) દ્વારા વિકસાવવામાં આવી રહ્યું છે. તેનો મુખ્ય હેતુ અઘરા વૈજ્ઞાનિક સંશોધનોને સામાન્ય જનતા સમજી શકે તેવી ભાષામાં રૂપાંતરિત કરવાનો છે. તેમાં 18 ભારતીય ભાષાઓમાં માહિતી પુરી પાડવામાં આવશે.
- ઉત્તર કોરિયાએ તેના **'ચો હ્યોન' (Choe Hyon)** નામના 5,000 ટન ક્લાસના નેવલ ડિસ્ટ્રોયર પરથી વ્યૂહાત્મક ક્રૂઝ મિસાઈલો અને એન્ટિ-શિપ મિસાઈલોનું સફળ પરીક્ષણ કર્યું.



## 17 એપ્રિલ

- 17 એપ્રિલે **વિશ્વ હિમોફીલીયા દિવસ** મનાવવામાં આવે છે. આ રોગમાં લોહી જામવા માટેના ક્લોટીંગ ફેક્ટરની ઉણપને કારણે ઈજા થયા બાદ લોહી વહેવાનું બંધ થતું નથી. આ દિવસ વિશ્વ ફેડરેશન ઓફ હિમોફીલીયાના સ્થાપક **ફ્રેંક સ્કેનબલના** જન્મદિવસની યાદમાં મનાવવામાં આવે છે. વર્ષ 2026ની **થીમ - Diagnosis : First step to care.**

- ગુજરાત રાજ્યના માર્ગ પરિવહન વિભાગે મુસાફરોની ફરિયાદોના નિવારણ અને સેવાઓની ગુણવતા સુધારવા માટે **પેસેન્જર ફીડબેક રેટિંગ પર્ફોર્મન્સ સિસ્ટમ** લોન્ચ કરી. આ સિસ્ટમમાં બસમાં લગાડવામાં આવેલ QR કોડને સ્કેન કરીને ફીડબેક આપી શકાશે.

- IMFના અહેવાલ મુજબ **ભારત** વિશ્વના પાંચમા સૌથી મોટા અર્થતંત્રના સ્થાનેથી ખસીને **છઠ્ઠા** સ્થાને આવી ગયું. **UK** હવે ભારતને પાછળ છોડીને **પાંચમા** સ્થાને છે.

- 25000 કરોડની કમાણી સાથે **ધ સુપર મારિયો ગેલેક્સી** ફિલ્મે એનિમેશન ફિલ્મોના ઇતિહાસમાં સૌથી ઝડપી કમાણી કરવાનો રેકોર્ડ બનાવ્યો.

- વર્ષ 2025-26માં **ચીન** ભારતનું સૌથી મોટુ વ્યાપારી ભાગીદાર રાષ્ટ્ર બન્યું. ચીન સાથેનો ભારતનો વેપાર 151.1 USD બીલીયનનો જોવા મળ્યો.

- **હરિયાણા** રાજ્ય સરકારે વિવિધ શ્રેણીના કામદારો માટે માસિક લઘુતમ વેતનમાં વધારો કરીને તેને રૂ. 11,257થી વધારીને રૂ. 15220 કર્યું.

- KABIL (ખનીજ બિદેશ ઇન્ડિયા લિમિટેડ) એ અર્જેન્ટીનામાં પાંચ લીથીયમ બ્લોકસના ઊંડા સંશોધન માટે પર્યાવરણીય મંજૂરી મેળવી. લિથિયમ એ નરમ અને ચાંદી જેવી સફેદ ધાતુ છે અને તમામ ધાતુઓમાં સૌથી ઓછી ઘનતા ધરાવે છે. **આર્જેન્ટિના, બોલીવિયા અને ચીલી** એ લિથિયમ ટ્રાયેંગલ બનાવે છે અને વિશ્વના લિથિયમ પુરવઠા નો 75%થી વધુ હિસ્સો ધરાવે છે.

## 18 એપ્રિલ

- વિશ્વના પ્રખ્યાત મીડિયા બ્રાન્ડ ટાઈમ દ્વારા 23મી વાર્ષિક ટાઈમ 100 સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓ 2026 ની યાદી જાહેર કરવામાં આવી. આ યાદીમાં ત્રણ ભારતીઓ **સુંદર પિચાઇ,સેફ વિકાસ ખન્ના અને રણબીર કપૂરનો** સમાવેશ થાય છે. આ યાદીમાં રાજકીય હસ્તીઓમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને શી જીનપીંગનો સમાવેશ થાય છે. યુવા નેતાઓમાં જોહરન મામદાની અને બાલેન્દ્ર શાહનો સમાવેશ થાય છે.

- ગુજરાત રાજ્ય સરકારે **સ્પોર્ટ્સ જીનોમિક્સ પ્રોગ્રામ** શરૂ કર્યો જેનું નેતૃત્વ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને ગુજરાત બાયો ટેકનોલોજી રિસર્ચ સેન્ટર દ્વારા કરવામાં આવશે. આ ભારતની પ્રથમ એવી પહેલ છે જે અંતર્ગત 2030 સુધીમાં 10,000 રમતવીરોનું ડીએનએ મેપિંગ  કરવામાં આવશે.

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્ણાટકની મુલાકાત લીધી હતી અને **શ્રી આદિચૂંચનગિરી મહાસંસ્થાન મઠ ખાતે 'શ્રી ગુરુ ભૈરવૈયા મંદિર'નું** ઉદ્ઘાટન કર્યું.

- **મેઘાલય** સરકારે રાજ્યની બે મુખ્ય આદિવાસી ભાષાઓ **ખાસી અને ગારોને** સત્તાવાર ભાષા તરીકે માન્યતા આપી છે. સ્થાનિક સમુદાયોની લાંબા સમયની માંગણીને સંતોષવા અને ભારતીય ભાષાઓને બંધારણીય આઠમી સૂચિમાં સામેલ કરવા માટે એક મજબૂત પક્ષ રજુ કરવાના હેતુથી આ સમાવેશ કરવામાં આવ્યો છે. હવેથી રાજ્યના સરકારી કામકાજ,વિધાનસભાની ચર્ચાઓ અને ભરતી પરીક્ષાઓમાં આ ભાષાનો ઉપયોગ થઈ શકશે. બંધારણના અનુચ્છેદ **345** અંતર્ગત રાજ્યની ધારાસભા રાજ્યના કોઈપણ સત્તાવાર હેતુઓ માટે એક અથવા વધુ ભાષાઓ અપનાવી શકે છે. બંધારણના અનુચ્છેદ **347** અંતર્ગત રાષ્ટ્રપતિ કોઈ ભાષાને આખા રાજ્યમાં અથવા તેના કોઈ ભાગમાં સત્તાવાર માન્યતા આપવા માટે આદેશ આપી શકે છે.

- બેંક ઓફ બરોડાએ ફીચર ફોન વપરાશકર્તાઓ માટે મોબાઇલ બેંકિંગ સેવાઓ લાવવા માટે **રિલાયન્સ જિયો** સાથે ભાગીદારી કરી છે. આ પહેલમાં **'બોબ વર્લ્ડ લાઇટ'** એપ્લિકેશનનો પ્રારંભ સામેલ છે, જે જિયોફોન ઉપકરણો પર ઉપલબ્ધ છે. આનાથી લાખો વપરાશકર્તાઓ સ્માર્ટફોન વિના પણ આવશ્યક બેંકિંગ સેવાઓનો ઉપયોગ કરી શકશે. આ પગલાનો હેતુ ડિજિટલ વિભાજનને દૂર કરવાનો અને સમગ્ર ભારતમાં નાણાકીય પહોંચનો વિસ્તાર કરવાનો પણ છે.

- ભારતીય નૌકાદળ કમાન્ડર્સ કોન્ફરન્સ નૌકાદળ ભવન ખાતે થઈ.

## 19 એપ્રિલ

- 19 એપ્રિલના **વિશ્વ યકૃત દિવસ** મનાવવામાં આવે છે. યકૃત એ માનવ શરીરનું બીજું સૌથી મોટું અંગ છે અને મગજ પછીનું સૌથી જટિલ અંગ માનવામાં આવે છે. તે પાચન, રોગપ્રતિકારક શક્તિ અને શરીરમાંથી ઝેરી તત્વ દૂર કરવાનું કાર્ય કરે છે. યકૃત શરીરમાં પિત્તનું ઉત્પાદન કરે છે તથા લોહી સુધીનું કામ પણ કરે છે. આ દિવસની વર્ષ 2026ની થીમ **'solid habits, strong liver'** હતી.

- ગોવાની મોડલ સાધ્વી **સતીશ શૈલને** ફેમિના મિસ ઇન્ડિયા પેજન્ટની 61મી આવૃત્તિમાં મિસ ઇન્ડિયા વર્લ્ડ 2026નો ખિતાબ આપવામાં આવ્યો.

- મુંબઈની **શ્રેયા શાંતનુ મુંધડાએ** ફ્રાન્સના બોરડેક્ષ ખાતે યોજાયેલ 15મા યુરોપિયન ગર્લ્સ મેથેમેટીકલ ઓલીમ્પિયડમાં ગોલ્ડ મેડલ મેળવ્યો. આ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવનાર તે ભારતની પ્રથમ ખેલાડી બની.

- **સયાની ગુપ્તાને** હાર્વર્ડ સાઉથ એશિયન પર્સન ઓફ ધ યર 2026 તરીકે પસંદ કરવામાં આવી. તેણી તેના સ્પષ્ટવક્તા અને વૈવિધ્યસભર ચિત્રણ માટે જાણીતી છે.

- LIC એ બે નવી મોબાઇલ એપ્લિકેશન ગ્રાહકો માટે **'MyLIC'** અને એજન્ટ માટે **'સુપર સેલ્સ સાથી'** લોન્ચ કરી. 260 મિલિયન પોલિસી અમલમાં હોવાથી, LIC પોલિસી મેનેજમેન્ટને સરળ બનાવવા અને સેવા કાર્યક્ષમતા વધારવાનો હેતુ ધરાવે છે.

ફ્રી સરકારી નોકરીની તૈયારી માટે FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.
Crack GPSC easily with... CRACK GPSC

## 20 એપ્રિલ

- તાજેતરમાં skytrax દ્વારા જાહેર થયેલ વિગતો અનુસાર જાપાનનું **ટોક્યો હનેડા** એરપોર્ટ વર્ષ 2026 માટે વિશ્વનું સૌથી સ્વચ્છ એરપોર્ટ જાહેર કરવામાં આવ્યું.

- અમદાવાદનું **કાંકરિયા કોચિંગ ડેપો** ભારતનું પ્રથમ વૉટર ન્યુટ્રલ રેલવે ડેપો બન્યો છે. આ ડેપો દરરોજ 1.60 લાખ લીટર પાણીની બચત કરે છે જે વર્ષે 5.84 કરોડ લિટર જેટલું થાય છે. વૉટર ન્યુટરલ સ્ટેટસનો અર્થ એ છે કે ડેપો જેટલું પાણી વાપરે છે તેટલું જ પાણી રિસાયકલ કરીને ફરીથી ઉપયોગમાં લેવામાં આવે છે. આ માટે **ફાયટોર મેડિયેશન પદ્ધતિનો** ઉપયોગ કરવામાં આવે છે જેમાં એક ખાસ પ્રકારના છોડનો ઉપયોગ કરી દુષિત પાણીને શુદ્ધ બનાવવામાં આવે છે.

- બ્લુમ બર્ગ બીલીયોનર ઇન્ડેક્સ 2026 અનુસાર અદાણી ગ્રુપના ચેરમેન **ગૌતમ અદાણી** એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બન્યા. 92.6 બિલિયન ડોલરની સંપત્તિ સાથે તેઓ વૈશ્વિક યાદીમાં 19મા ક્રમે અને એશિયામાં પ્રથમ ક્રમે છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના વડા મુકેશ અંબાણી 90.8 બિલિયન ડોલરની સંપત્તિ સાથે વૈશ્વિક સ્તરે 20મા ક્રમે છે. 656 બિલિયન ડોલરની સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ **એલન મસ્ક** છે.

- કેન્દ્ર સરકારના **જનવિશ્વાસ બિલ હેઠળ** મોટર વ્હીકલ એક્ટમાં મહત્વના સુધારા કરવામાં આવ્યા છે. આ અંતર્ગત લાઇસન્સ એક્સપાયર થયા પછી પણ 30 દિવસ સુધી માન્ય રહેશે. વાહન ટ્રાન્સફર વખતે વીમો બદલવા માટે 30 દિવસનો સમય આપવામાં આવશે. વાહનની નોંધણી કેન્સલ કરાવવા માટેની મુદત વધારીને 30 દિવસ કરવામાં આવી છે. અકસ્માત સમયે વળતરની અરજી હવે અકસ્માતના એક વર્ષ સુધી કરી શકાશે જે અગાઉ છ મહિના હતી. વીમા વગરના વાહન માટે પ્રથમ વાર ₹ 5,000 અને બીજી વાત ₹ 10,000ની દંડની જોગવાઈ કરવામાં આવી.

- અમેરિકાએ **સીરિયામાં** તેના દસ વર્ષ લાંબા સૈન્ય અભિયાનનો અંત લાવી તમામ મુખ્ય મથકો સિરિયન સરકારને સોંપ્યાં. વર્ષ 2015માં ISIS સામે લડવા માટે અમેરિકન સૈનિકો સિરિયા પહોંચ્યા હતા.

- સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ **'અભય'** નામનો AI-સંચાલિત ચેટબોટ શરૂ કર્યો છે. આ પ્લેટફોર્મ નાગરિકોને સત્તાવાર સૂચનાઓની ચકાસણી કરવામાં અને ડિજિટલ કૌભાંડોનો શિકાર બનવાથી બચવામાં મદદ કરશે. આ જાહેર સલામતી અને સાયબર ક્રાઇમ નિવારણ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં એક નોંધપાત્ર પગલું છે

## 21 એપ્રિલ

- 21 એપ્રિલના રોજ નેશનલ સિવિલ સર્વિસ ડે એટલે કે રાષ્ટ્રીય સનદી સેવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ મૂળભૂત રીતે વર્ષ 1947ના વર્ષમાં સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહ મંત્રી સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા દિલ્હીના મેટકાફ હાઉસ ખાતે પ્રોબેશનરી અધિકારીઓને કરવામાં આવેલા સંબોધનની યાદ સાથે જોડાયેલો છે. તેમણે સિવિલ સર્વન્ટને **સ્ટીલ ફ્રેમ ઓફ ઇન્ડિયા** કહીને નવા રાષ્ટ્રના નિર્માણમાં તેમની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

- પશ્ચિમ રેલવેના અમદાવાદ વિભાગ દ્વારા ગુજરાતથી જમ્મુ કશ્મીર માટે દૂધ ઉત્પાદનોની પ્રથમ કાર્ગો રેક રવાના કરી હતી. આ પહેલથી ગુજરાતનાં ડેરી ઉત્પાદનો હવે સીધાં જ કાશ્મીર સુધીની બજારોમાં પહોંચશે. આ તમામ સામાન ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ દ્વારા મોકલવામાં આવ્યો છે.

- ભારત અને રશિયા વચ્ચે તાજેતરમાં રેસીપ્રોકલ એક્સચેન્જ ઓફ લોજિસ્ટિક એગ્રીમેન્ટ (RELOS ) સંબંધિત સમજૂતી કરવામાં આવી. જે અંતર્ગત બંને દેશોને યુદ્ધ અને શાંતિના સમયમાં એકબીજાને લશ્કરી થાણાં, બંદરો અને હવાઈ સુવિધાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે. આ કરાર હેઠળ ભારત અને રશિયા એક સમયે એકબીજાના પ્રદેશમાં 3000 જેટલા સૈનિકો તૈનાત કરી શકે છે. આ ઉપરાંત બંને દેશો એક સાથે 5 યુદ્ધ જહાજ અને 10 લશ્કરી વીમાનો પણ તૈનાત કરી શકે છે.

- દિગ્ગજ બાસ્કેટબૉલ ખેલાડી ઓસ્કર શ્મિટનું નિધન થયું.

- **ડૉ. સી.એચ. શ્રીનિવાસ રાવને** હૈદરાબાદમાં 9મા પ્રો. એમ.એસ. સ્વામિનાથન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. તેઓ હાલમાં ભારતીય કૃષિ સંશોધન સંસ્થા (IARI)ના ડિરેક્ટર અને વાઇસ ચાન્સેલર તરીકે સેવા આપે છે. તેઓને આબોહવા-સ્થિતિસ્થાપક કૃષિ અને કુદરતી સંસાધન વ્યવસ્થાપનના ક્ષેત્રમાં તેમના અગ્રણી કાર્ય માટે તેમને સન્માનિત કરવામાં આવ્યા. આ પુરસ્કાર ભારતની 'હરિયાળી ક્રાંતિ' પાછળના મુખ્ય વ્યક્તિત્વ સ્વ. પ્રો. એમ. એસ. સ્વામિનાથનની જન્મ શતાબ્દી સાથે એકરુપ છે.

- પૂર્વ કેન્દ્રીય મંત્રી **દિનેશ ત્રિવેદીને** બાંગ્લાદેશમાં ભારતના ઉચ્ચાયુક્ત નિયુક્ત કરવામાં આવ્યા.

## 22 એપ્રિલ

- તાજેતરમાં જિનેટિકલી મોડિફાઈડ ઓર્ગેનિઝમ્સ (GMO)ના અંશો હોવાના આક્ષેપ સાથે કેટલાક કન્સાઈનમેન્ટ નકાર્યાં હોવા છતાં, ચીને ભારતમાંથી ટૂકડા ચોખા (Broken Rice)ની આયાત ફરી શરૂ કરી છે. ભારતનો ટુકડા ચોખાનો ભાવ ટન દીઠ આશરે $ 300-310 છે. જે થાઈલેન્ડ, વિયેતનામ, પાકિસ્તાન જેવા દેશો કરતાં ઓછો છે.

- ICC દ્વારા મહિલા ક્રિકેટને પ્રોત્સાહન આપવા માટે પ્રથમ વિમેન્સ T20 ચેલેન્જ ટ્રોફી 2026ની રવાન્ડાના **કિગાલી** ખાતેથી શરૂઆત કરાઈ. આ ટુર્નામેન્ટ રવાન્ડાના **ગહંગા** ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમવામાં આવશે.

- ઓડિશાના **ભુવનેશ્વરમાં** દેશના પ્રથમ એડવાન્સ થ્રી ડી ચીપ પેકેજિંગ યુનિટનો શિલાન્યાસ કરવામાં આવ્યો.

- **અમેરિકાએ** વર્ષ 2028 સુધીમાં પૃથ્વીની ભ્રમણ કક્ષામાં અને વર્ષ 2030 સુધીમાં ચંદ્રની સપાટી પર પરમાણુ રિએક્ટર તૈનાત કરવાની જાહેરાત કરી. આ જાહેરાત આરટેમીસ 2 મિશનની સફળતા બાદ કરવામાં આવી છે. આ પહેલનો હેતુ પૃથ્વીની ભ્રમણકક્ષા, ચંદ્ર અને ભવિષ્યમાં મંગળ પર માનવ મિશન માટે વિશ્વસનીય ઊર્જા સ્ત્રોત પૂરો પાડવાનો છે.

- ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ નાણાકીય વર્ષ 2025-26 દરમ્યાન 55200 થી વધુ સ્ટાર્ટઅપને માન્યતા આપવામાં આવી.

- જમ્મુ અને કાશ્મીર સરકારે પ્રતિબંધિત સંગઠન જમાત-એ-ઇસ્લામી અને તેના શૈક્ષણિક ટ્રસ્ટ 'ફ્લાહ-એ-આમ ટ્રસ્ટ' સાથે જોડાયેલી 58 ખાનગી શાળાઓનો વહીવટ પોતાના હસ્તક લીધો. આ નિર્ણય વહીવટી પારદર્શિતા અને સુરક્ષાના ભાગરૂપે લેવામાં આવ્યો છે.

- મુંબઈમાં યોજાયેલા એક ભવ્ય કાર્યક્રમમાં મુંબઈની વતની, કથક નૃત્યાંગના નિશિતા યોગેશ અંતાર્કરને 'મિસ સેક ઈન્ડિયા 2026' નો તાજ પહેરાવવામાં આવ્યો.

## 23 એપ્રિલ

- 23 એપ્રિલના **'વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ'** ઉજવવામાં આવે છે. વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ 2026 માટે, યુનેસ્કોએ **રબાત, મોરોક્કોને** 2026 માટે વિશ્વ પુસ્તક રાજધાની તરીકે નિયુક્ત કર્યા છે. 2025 માટે રિયો ડી જાનેરોને યુનેસ્કો દ્વારા વર્લ્ડ બુક કેપિટલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યું હતું.

- 23 એપ્રિલના રોજ 'વિશ્વ ટેબલ ટેનિસ દિવસ' ઉજવવામાં આવે છે. 2026ની થીમ **'Health and Wll Being'.**

- ગાંધીનગર સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU)એ ભારતીય મેરીટાઈમ યુનિવર્સિટી (IMU) સાથે મળીને **'મહાસાગર એકેડેમી'નું** ઉદ્ઘાટન કર્યું. આ એકેડેમી દરિયાઇ સુરક્ષા, કાયદો અને ક્ષમતા નિર્માણ માટે એક વ્યૂહાત્મક પ્લેટફોર્મ તરીકે કાર્ય કરશે.

- કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે ઉત્તર પ્રદેશના અલીગઢમાં આવેલી **શેખા ઝીલ પક્ષી અભયારણ્યને** રામસર સાઈટ તરીકે જાહેર કરી. આ સાથે ભારતની કુલ રામસર સાઈટ્સની સંખ્યા **99** થઇ ગઈ. શિયાળા દરમિયાન અહીં બાર હેડેડ ગુઝ, પેન્ટેડ સ્ટોર્ક અને વિવિધ પ્રજાતિના બતક જેવા પ્રવાસી પક્ષીઓ આશ્રય લે છે.

- જાપાનના વડાપ્રધાન સાનાએ તાકાઈચીની કેબિનેટે ઘાતક હથિયારો (Lethal Weapons)ની નિકાસ પરનાં નિયંત્રણો ડટાવવા માટે મંજૂરી આપી. આને બીજા વિશ્વયુદ્ધ પછી જાપાનની શાંતિવાદી અભિગમ ધરાવતી નીતિમાં આ એક ઐતિહાસિક બદલાવ માનવામાં આવે છે. ચીન અને ઉત્તર કોરિયા દ્વારા વધતા પ્રાદેશિક સુરક્ષા જોખમોને ધ્યાનમાં રાખીને જાપાને આ નિર્ણય લીધો છે.

- વર્ષ 2026ના પ્રતિષ્ઠિત ગોલ્ડમેન એન્વાયરમેન્ટલ પ્રાઈઝની જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષની વિશેષતા એ છે કે પુરસ્કારના ઇતિહાસમાં પ્રથમ વખત તમામ 6 વિજેતાઓ મહિલાઓ છે. આ પુરસ્કારને વિશ્વભરમાં **'ગ્રીન નોબેલ' (Green Nobel)** તરીકે ઓળખવામાં આવે છે. પુરસ્કારની સ્થાપના 1989માં રિચાર્ડ અને રોડા ગોલ્ડમૅન દ્વારા કરવામાં આવી હતી. દરેક વિજતાને 200,000 ડોલરની પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે.

**2026ના વિજેતાઓની યાદી:**

1. ઈરોરો તાંશી (નાઈજીરિયા): આફ્રિકા પ્રદેશ
2. બોરિમ કિમ (દક્ષિણ કોરિયા): એશિયા પ્રદેશ
3. સારાહ ફિન્ચ (યુનાઈટેડ કિંગડમ): યુરોપ પ્રદેશ

4. થિયોનિલા રોકા મેટબોબ (પાપુઆ ન્યુ ગિની): ટાપુ રાષ્ટ્રો
5. એલાન્ના અકાક ડર્લી (યુનાઈટેડ સ્ટેટ્સ): ઉત્તર અમેરિકા
6. યુવેલિસ મોરાલેસ બ્લન્કો (કોલંબિયા): દક્ષિણ અને મધ્ય અમેરિકા

- ભારતની આંતરિક સુરક્ષાને વધુ મજબૂત કરવા માટે સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા વિકસિત અદ્યતન સેટેલાઇટ ઈમેજિંગ સિસ્ટમ **'પ્રજ્ઞા' (Prajna)**ને ગૃહ મંત્રાલય (MHA) ને સોંપવામાં આવી. આ સિસ્ટમ AI દ્વારા સંચાલિત છે. આ સુવિધા સુરક્ષા એજન્સીઓને રિયલ-ટાઈમ મોનિટરિંગ, દેખરેખ અને આતંકવાદ વિરોધી કામગીરીમાં સચોટ નિર્ણય લેવામાં મદદ કરશે.

## 24 એપ્રિલ

- મેઘાલયના **ગારો હિલ્સ** પ્રદેશમાં વૈજ્ઞાનિકોએ સાપની એક નવી પ્રજાતિની શોધ કરી છે, જેને **કેલેમેરિયા ગારોએન્સિસ (Calamaria garoensis)** નામ આપવામાં આવ્યું છે.. આ સાપ **'કેલેમૅરિયા'** જીનસનો છે, જેને સામાન્ય રીતે **'રીડ સ્નેક્સ'** તરીકે ઓળખવામાં આવે છે. આ સાપ કદમાં નાનો હોય છે અને મોટા ભાગે જમીનની અંદર અથવા પાંદડાઓના ઢગલા નીચે છુપાયેલા રહે છે.

- 24 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' ઉજવવામાં આવે છે. **73મા બંધારણીય સુધારા 1992** અંતર્ગત ભારતમાં પંચાયતી રાજ બંધારણમાં સમાવવામાં આવ્યું. **બળવંતરાય મહેતા સમિતિએ** કરેલી ભલામનના આધારે બંધારણમાં પંચાયતી રાજનો સમાવેશ કરવામાં આવ્યો હતો. રાજસ્થાનના **નાગૌર** જિલ્લામાંથી જવાહરલાલ નહેરુ દ્વારા ભારતમાં પંચાયતી રાજનો પ્રારંભ કર્યો હતો. ગુજરાતમાં પંચાયતી રાજનો અમલ વર્ષ **1963થી** કરવામાં આવ્યો હતો.

- **બ્રિટન સંસદે** Tobacco and Vapes Bill પસાર કર્યું. જે અંતર્ગત 1 જાન્યુઆરી 2009 પછી જન્મેલા કોઈ પણ વ્યક્તિને તમાકુ વેચવી ગેરકાયદેસર ગણાશે. આ કાયદો બ્રિટનને સ્મોક ફ્રી બનાવવા માટે પસાર કરવામાં આવ્યો છે. 17 વર્ષથી ઓછી વયના બાળકોને સિગારેટ ખરીદવા પર આજીવન પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

- બ્રાઝિલમાં આયોજિત આંતરરાષ્ટ્રીય ચીઝ અને ડેરી સ્પર્ધા 'Mundial do Queijo do Brasil 2026' માં ભારતે શાનદાર પ્રદર્શન કર્યું છે. આ સ્પર્ધામાં ભારતીય આર્ટિઝનલ ચીઝ ઉત્પાદકોએ કુલ 4 મેડલ જીત્યા છે: એલીફેથરિયા ગુલમર્ગ (સુપર ગોલ્ડ), યાક ચુરપી સોફ્ટ (ગોલ્ડ), એલીફેથરિયા બ્રનોસ્ટ (ગોલ્ડ), એલીફેથરિયા કાલી મિરી (સિલ્વર). આ ભારતના ડેરી ક્ષેત્ર માટે ગૌરવની ક્ષણ છે.

- ભારતના પેટ્રોલિયમ મંત્રાલયે ઊર્જા અને પર્યાવરણના હિતમાં એવિએશન ટર્બાઇન ફ્યુઅલ ઓર્ડર, 2001માં ફેરફાર કર્યો. નવા સુધારા અંતર્ગત બિન પેટ્રોલિયમ સ્ત્રોતોમાંથી બનાવાયેલ સિંથેસાઇઝ્ડ હાઈડ્રોકાર્બનના મિશ્રણને મંજુરી આપવામાં આવી. આ માટે કાચા માલ તરીકે બાયોમાસ, નેચરલ ગેસ અને અન્ય બિન પેટ્રોલિયમ પદાર્થોનો ઉપયોગ કરી શકાશે. આ સિવાય સરકાર આગામી 2 વર્ષમાં પેટ્રોલમાં 85% ઇથેનોલ મિશ્રણ માટેના નિયમો તૈયાર કરી રહી છે. પરંતુ, આ નિયમ વિમાન ઇંધણમાં લાગુ પડશે નહીં., તેમાં ઇથેનોલ ભેળવતાં પહેલાં હાઈડ્રોકાર્બનમાં તેનું રૂપાંતરણ કરવામાં આવશે.

- સરકાર દ્વારા ઓનલાઈન ગેમિંગ ક્ષેત્રમાં પારદર્શિતા અને જવાબદારી લાવવા માટે Online Gaming Authority of India (OGAI)ની સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થા 1 May 2026થી કાર્યરત થશે.

તેની સ્થાપના Promotion and Regulation of Online Gaming Act, 2025 હેઠળ કરવામાં આવશે. OGAI ના અધ્યક્ષ તરીકે Meityના એડિશનલ સેક્રેટરી રહેશે. એવી ગેમ્સ જેમાં રિયલ મની સામેલ નથી તેને રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ આપવામાં આવશે.

- ઝઘડિયા GIDCમાં આવેલ મેટ્રોપોલીટન એકઝીકેમ કંપનીમાં **'ડાયક્યુમિન'** નામના કેમિકલના ઉત્પાદન બાદ સોલ્વન્ટ રિકવરી દરમિયાન બ્લાસ્ટ થયો. આ કેમિકલનો ઉપયોગ **એગ્રો ક્ષેત્રની** દવાઓ બનાવવા માટે થાય છે.

## 25 એપ્રિલ

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્ટાર્ટઅપ એન્ડ આંત્રપ્રિન્યોરશિપ કાઉન્સિલ (SUSEC) હેઠળ કાર્યરત 'IINDEPRO ડાયનામિક પ્રાઈવેટ લિમિટેડ'એ દેશભરમાં ડંકો વગાડયો. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત 'ભારત ઈનોવેટસ 2026' કાર્યક્રમ માટે આ સ્ટાર્ટઅપની પસંદગી કરવામાં આવી છે, જે આગામી સ્પર્ધા 14થી 16 જૂન દરમિયાન ફ્રાન્સના નીસ વાની (Nice) શહેરમાં યોજાશે. આ સ્ટાર્ટઅપ ડ્રોન ટેક્નોલોજીના અત્યંત જટિલ એવા પ્રોપલ્શન સિસ્ટમ અને હાઈ-એ પરફોર્મન્સ મોટર્સ બનાવવામાં નિષ્ણાત છે. કૃષિ, સંરક્ષણ (Defense), અને સ્માર્ટ સિટીઝ જેવાં ક્ષેત્રો માટે તેમણે Hummingbird, Falcon, Eagle અને Condor જેવી વિવિધ શ્રેણીની મોટર્સ વિકસાવી છે.

- જર્મન એરોસ્પેસ સેન્ટરે વિમાન ઉડ્ડયન ક્ષેત્રે એક મોટી સિદ્ધિ મેળવી છે. પાઈલટ વગરના **'પ્રોટેઅસ'** વિમાન પર **'મોર્ફએર'** પ્રોજેક્ટ હેઠળ એવી પાંખોનું સફળ પરીક્ષણ કરાયું છે, જે ઉડાન દરમિયાન હવા અને પરિસ્થિતિ મુજબ આપોઆપ આકાર બદલી શકે છે. તે માટે એઆઇ ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે, આ ટેકનિકથી અકસ્માતનું જોખમ ઘટવાની સાથે બળતણની પણ મોટી બચત થશે.

- 25 એપ્રિલના વિશ્વ મેલેરિયા દિવસ ઉજવવામાં આવ્યો. વર્ષ 2026ની થીમ **Driven to end Malaria : Now we can. Now we must** છે. ગુજરાત રાજ્ય સરકારે વર્ષ 2022 સુધીમાં જયારે ભારત સરકારે 2030 સુધીમાં સંપૂર્ણ મેલેરિયા મુક્ત થવાનો લક્ષ્યાંક આપ્યો છે. મેલેરિયા સામાન્ય રીતે **માદા એનોફીલીસ** મચ્છરથી થાય છે. **હાઇડ્રોક્સીક્લોરોકવીન** એ મેલેરિયાની સામાન્ય દવા છે જે 60% સુધી મેલેરિયાથી થતા મૃત્યુ આંકને ઘટાડી શકે છે. ગંભીર પ્રકારના મેલેરિયા માટે **પ્લાઝમોડીયમ ફેલ્સિપેરમ** નામનો પ્રજીવ જવાબદાર છે.

- ગૃહ મંત્રાલયે ઈ વિઝા ધરાવતા વિદેશી નાગરિકોના પ્રવેશ માટે 14 દરિયાઈ બંદરોને ઈમિગ્રેશન ચેક પોસ્ટ તરીકે જાહેર કર્યાં. આ નવાં જાહેર થયેલાં બંદરોમાં **7** બંદરો ગુજરાતનાં છે, જેમાં અલંગ, બેડી, ભાવનગર, પોરબંદર, હજીરા, પીપાવાવ, માંડવીનો સમાવેશ થાય છે.

- આંધ્રપ્રદેશના કુરનૂલ જિલ્લામાં **જોનાગીરીમાં ભારતની પ્રથમ મોટી ખાનગી સોનાની ખાણ** શરુ કરવાની મંજૂરી આપવામાં આવી. આ ખાણ અંદાજે 598 હેકટર વિસ્તારને આવરી લે છે. આ પ્રોજેક્ટ **'જિયોમૈસુર સર્વિસીસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા** વિકસાવવામાં આવ્યો છે, જેને 'ડેક્કન ગોલ્ડ માઈન્સ લિમિટેડ' અને 'ત્રિવેણી અર્થ મૂવર્સ એન્ડ ઈન્ફ્રા'નું સમર્થન પ્રાપ્ત છે. ભારત વિશ્વમાં **બીજો** સૌથી

મોટો સોનાનો ઉપભોક્તા દેશ છે. ભારતમાં સોનાના ઉત્પાદનમાં બિહાર, રાજસ્થાન., કર્ણાટક અનુક્રમે પ્રથમ, બીજા અને ત્રીજા સ્થાને છે.

## 26 એપ્રિલ

- 26 એપ્રિલના વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ ઉજવવામાં આવ્યો. વર્ષ 2026ની થીમ **'IP and sports: Ready, Set, Innovate'** છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય રોજિંદા જીવનમાં બૌદ્ધિક સંપત્તિના અધિકારો (IP Rights) જેમ કે પેટન્ટ, કોપીરાઇટ, ટ્રેડમાર્ક અને ડિઝાઇનની ભૂમિકા વિશે જાગૃતિ લાવવાનો છે.
- દેશની ડ્રાય-સેલ માર્કેટમાં અગ્રેસર કંપની એવરેડી ઇન્ડસ્ટ્રીઝ ઇન્ડિયા લિમિટેડ (EIIL) દ્વારા જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશના **સામ્બા** જિલ્લામાં ભારતની એકમાત્ર કાર્યરત આલ્કલાઇન બેટરી મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. કંપનીનો લક્ષ્યાંક આગામી ત્રણ વર્ષમાં સ્થાનિક અને નિકાસની તકો દ્વારા આલ્કલાઇન બેટરી સેગમેન્ટમાં પોતાનો માર્કેટ હિસ્સો 16%થી વધારીને 25% કરવાનો છે.
- પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર **અશોક લાહિરીને** સુમન બેરીના સ્થાને નીતિ આયોગના નવા વાઇસ-ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- **તુર્કી** સરકારે બાળકોની ઓનલાઇન સુરક્ષાયા સુનિશ્ચિત કરવા માટે **15 વર્ષથી ઓછી** ઉંમરનાં બાળકો માટે સોશિયલ મીડિયા એક્સેસ પર પ્રતિબંધ મૂક્યો.



## 27 એપ્રિલ

- 27 એપ્રિલના વિશ્વ ડિઝાઇન દિવસ ઉજવવામાં આવ્યો. આ દિવસની ઉજવણી ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ ડિઝાઇન દ્વારા કરવામાં આવે છે.

- 27 એપ્રિલનાં **વિશ્વ તાપીર દિવસ** ઉજવવામાં આવ્યો.. આ દિવસનો ઉદ્દેશ્ય લુપ્તપ્રાય સસ્તન પ્રાણી તાપીર વિશે જાગૃતિ લાવવાનો છે. તાપીર દેખાવમાં ડુક્કર જેવું લાગે છે પરંતુ ઉત્ક્રાંતિની બાબતમાં ઘોડા અને ગેંડાને સમકક્ષ માનવામાં આવે છે. તેને **જંગલના માળી** તરીકે ઓળખવામાં આવે છે, કેમ કે ટે ફળ ખાઇને તેને દૂર દૂર સુધી ફેલાવે છે. સામાન્ય રીતે તે દક્ષિણ અમેરિકા અને દક્ષિણ પૂર્વ એશિયામાં જોવા મળે છે.

- ચીને તેના ટિઆન્ગોન્ગ (Tiangong) સ્પેસ સ્ટેશન પર ભવિષ્યના મિશન માટે બે પાકિસ્તાની અવકાશયાત્રીઓની પસંદગી કરી છે. આ અવકાશયાત્રીઓ મોહમ્મદ જીશાન અલી અને ખુર્રમ દાઉદ છે. આ માટે ચીન અને પાકિસ્તાનની સ્પેસ એજન્સી SUPARCO વચ્ચે કરાર કરવામાં આવ્યો છે.

- RBIએ બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 હેઠળ **પેટીએમ પેમેન્ટ્સ બેંક લિમિટેડ (PPBL)નું** લાયસન્સ તાત્કાલિક અસરથી રદ કર્યું છે. બેંકની કામગીરી ગ્રાહકો અને થાપણદારોના હિતમાં ન હતી અને બેંક તેના નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગઇ હતી.

- **ગુન્ટૂર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC)એ** વિયેનામાં યોજાયેલ ચોથો જેન્ડર ઇક્વાલિટી મોબિલાઇઝ્શન (GEM) એવોર્ડ જીત્યો. આ એવોર્ડ સંયુક્ત રાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ સંગઠન (UNIDO) દ્વારા મહિલા સશક્તિકરણ અને ટકાઉ કચરા વ્યવસ્થાપનના સમન્વય માટે આપવામાં આવ્યો છે. GMCએ 200થી વધુ મહિલાઓને ઇલેક્ટ્રિક ઓટો ડ્રાઇવર તરીકે તાલીમ આપી અને કચરો એકત્રિત કરવાની કામગીરીમાં જોડી. તેના બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

- **સાંઇ સુદર્શન** IPLમાં સૌથી ઝડપી 2000 રન પુરા કરનાર ખેલાડી બન્યો. માત્ર 47 ઇનિંગ્સમાં આ રેકોર્ડ બનાવીને તેણે **ક્રિસ ગેલનો** રેકોર્ડ તોડ્યો.

- ભારત સરકારે વસ્તી ગણતરી 2027 માટે **1855** ટોલ ફ્રી નંબર જાહેર કર્યો.

## 28 એપ્રિલ

- 28 એપ્રિલના કાર્યસ્થળ પર સલામતી અને આરોગ્ય માટેનો વિશ્વ દિવસ ઉજવાયો. તેનો ઉદ્દેશ્ય કામના સ્થળે અકસ્માત, ઇજા કે વ્યવસાયિક રોગના કારણે જીવ ગુમાવનાર કામદારોને શ્રદ્ધાંજલિ આપવાનો છે.

- અમેરિકાના વાણિજ્ય વિભાગે ભારતીય સોલર સેલ અને મોડ્યુલર પર 123.04%ની પ્રારંભિક એન્ટી ડમ્પીંગ ડ્યુટી લાદી. જ્યારે કોઇ દેશ તેની વાજબી કિંમત અથવા ઉત્પાદન ખર્ચ કરતા ઓછી કિંમતે અન્ય દેશમાં માલ વેચે ત્યારે તેને ડમ્પીંગ તરીકે ઓળખવામાં આવે છે.

- પ્રખ્યાત ફોટોગ્રાફર રઘુરાઇનું કેન્સરના કારણે મૃત્યુ થયું. તેઓ ભારતની સામાજિક રાજકીય અને સાંસ્કૃતિક સફરને તેમના ફોટોના માધ્યમથી જીવંત રાખવા માટે જાણીતા હતા. તેમને વર્ષ 1965માં માત્ર 23 વર્ષની ઉંમરે  ધ સ્ટેટ્સમેનમાં ચીફ ફોટોગ્રાફર તરીકે નિમણૂક મળી હતી.

- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા નવજાત શિશુઓ અને નાના બાળકો માટે તૈયાર કરવામાં આવેલી મેલેરિયાની રસીને મંજૂરી આપી છે. આફ્રિકા જેવા દેશો કે જ્યાં મેલેરિયાનો સૌથી વધુ પ્રકોપ જોવા મળે છે ત્યાં આ દવાનો ઉપયોગ કરવામાં આવશે. આ દવાનું નામ **આર્તેમેથર - લ્યુમેફેન્ટ્રાઈન** છે.

- પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન ઇરાકના મેસોપોટેમિયા ખાતે શહીદ થયેલા 33,000 ભારતીય સૈનિકોને ઈરાકના 200 મેમોરીયલ ખાતે એક સ્મારકના માધ્યમથી સન્માન આપવામાં આવ્યું. આ સ્મારક ખાતે તમામ 33 હજાર સૈનિકોનાં નામ ડિજિટલી લખવામાં આવેલાં છે.

- **વિરાટ કોહલી** IPLમાં 800 બાઉન્ડરી મારનાર પ્રથમ ખેલાડી બન્યો.

- IPL ક્રિકેટના ઈતિહાસમાં પંજાબ કિંગ્સે દિલ્હી કેપિટલ્સ સામે **265 રનનો** વિશાળ **લક્ષ્યાંક** આપીને નવો રેકોર્ડ બનાવ્યો.

- આંધ્રપ્રદેશ હાઇકોર્ટનાં પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ તરીકે **લીસા ગીલે** શપથ ગ્રહણ કર્યા. તેમને આંધ્ર પ્રદેશના રાજ્યપાલ **એસ. અબ્દુલ નઝીર** દ્વારા શપથ લેવડાવવામાં આવ્યા.

## <u>29 એપ્રિલ</u>

- 29 એપ્રિલના આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ ઉજવવામાં આવ્યો. આ દિવસની શરૂઆત 1982માં ઇન્ટરનેશનલ થિયેટર ઇન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવી હતી વર્ષ 2026ની આંતરરાષ્ટ્રીય કક્ષાની ઉજવણી **મનીલા, ફિલિપાઇન્સ** ખાતે કરવામાં આવી.

- ભારત વિશ્વનો **પાંચમો** સૌથી મોટો સંરક્ષણ ખર્ચ કરતો દેશ બન્યો. વર્ષ 2026/27 માં કેન્દ્રીય બજેટમાં સંરક્ષણ માટે 7.85 લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

- તમિલનાડુના તુથ્થુકડી જિલ્લાના **પનાયુર** વિસ્તારમાંથી હોલોસીન સમયગાળાના ફોસીલ બેડ મળી આવ્યા. તે 8000 થી 12000 વર્ષ જૂના અવશેષો હોવાનું અનુમાન છે.

- લદાખમાં નવા પાંચ જિલ્લાઓ ઉમેરવાના કારણે કુલ જિલ્લાની સંખ્યા સાત થઈ. નવા જિલ્લાઓમાં નૂબ્રા, શામ, ચાંગથાંગ, ઝાસ્કર અને દ્રાસનો સમાવેશ થાય છે. અગાઉ લદાખમાં માત્ર 2 લેહ અને કારગીલ જિલ્લાઓ હતા.

- નેશનલ હાઈવે પર સુરક્ષિત મુસાફરી બંધારણની <u>કલમ 21</u> અંતર્ગત જીવનના મૂળભૂત અધિકારનો ભાગ હોવાનું સુપ્રીમ કોર્ટે જણાવ્યું. નવેમ્બર 2025માં રાજસ્થાન અને તેલંગાણામાં થયેલા બે ગંભીર અકસ્માતો બાદ કોર્ટ દ્વારા આ નિર્ણય આપવામાં આવ્યો.

- **પીવી સિંધુને** BWF એથલેટ્સ કમિશનના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા.

- ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર (FTA) પર હસ્તાક્ષર થયા. આ કરાર હેઠળ, ભારતની 100% નિકાસને ન્યુઝીલેન્ડમાં ડ્યુટી-ફ્રી ઍક્સેસ મળશે. ભારતે લગભગ 70% ટેરિફ લાઇન ખોલી છે, પરંતુ ડેરી, કૃષિ અને ધાતુઓ જેવા ક્ષેત્રોને રક્ષણ પૂરું પાડયું છે.

## 30 એપ્રિલ

- 30 એપ્રિલના આયુષ્માન ભારત દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના છેવાડાના વિસ્તારો સુધી સસ્તી અને ગુણવત્તા યુક્ત આરોગ્ય સુવિધાઓ પહોંચાડવાનો છે અને આયુષ્માન ભારત યોજના વિશે જનજાગૃતિ લાવવાનો છે. આયુષ્યમાન ભારત યોજના વર્ષ 2018ના બજેટમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્વર્ગસ્થ અરુણ જેટલી દ્વારા આપવામાં આવી હતી અને જે અંતર્ગત પાત્રતા ધરાવતા પરિવારને વાર્ષિક રૂપિયા પાંચ લાખ સુધીનું ફ્રી હેલ્થ કવર આપવામાં આવે છે. આ યોજના અંતર્ગતના નવા સુધારા મુજબ 70 વર્ષથી વધુની વયના તમામ નાગરિકોને આ યોજનાનો લાભ આપવામાં આવશે ભલે તેની આર્થિક સ્થિતિ ગમે તે હોય.

- ભારત સરકાર દ્વારા સંયુક્ત રાષ્ટ્રને વર્ષ 2031થી 35 માટેના તેના નવા ક્લાઈમેટ લક્ષ્યાંકો આપ્યા. આ લક્ષ્યાંકો મુજબ જીડીપીની ઉત્સર્જન તીવ્રતામાં 2005 ના સ્તરની તુલનામાં 47% નો ઘટાડો કરવો, વર્ષ 2005 સુધીમાં કુલ વીજ ક્ષમતાના 60% હિસ્સો સ્વચ્છ ઊર્જામાંથી મેળવવો, જંગલો અને વૃક્ષો દ્વારા 3.5 થી 4 અબજ ટન કાર્બન ડાયોક્સાઇડ શોષી શકે તેવું આવરણ તૈયાર કરવાનો સમાવેશ થાય છે.

- RBI એ અર્બન કો-ઓપરેટીવ બેંકોને મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી મિશન **સક્ષમ (Saksham)** શરૂ કર્યું. કમિશનનું પૂરું નામ **સહકારી બેંક ક્ષમતા નિર્માણ (Sahkari Bank Kshamta Nirman)** છે. આ મિશન હેઠળ બોર્ડના સભ્ય અને વરિષ્ઠ મેનેજમેન્ટ સહિત આશરે 1.4 લાખ લોકોને તાલીમ આપવામાં આવશે.

- નર્મદા જિલ્લાના એકતા નગર ખાતે આવેલા સહકાર ભવનમાં ભારતીય ભાષા સંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમની થીમ **'ભાષા કી એકતા એકતા કી ભાષા'** રાખવામાં આવી હતી.

- યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયાના (UIDAI)ના તાજેતરના નિર્ણય મુજબ આધારકાર્ડ એ જન્મ તારીખનો પૂરાવો ગણી શકાશે નહિ.

- બુદ્ધ પૂર્ણિમાના અવસરના ભાગરૂપે 1થી 15 મે સુધી પ્રદર્શનમાં રાખવા માટે ભગવાન બુદ્ધના અવશેષોને ચુસ્ત સુરક્ષા વચ્ચે વાયુ સેનાના વિમાન દ્વારા **લદાખ** મોકલવામાં આવ્યા.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશમાં **મેરઠને પ્રયાગરાજથી** જોડતા **દેશના પહેલા સૌથી લાંબા ગ્રીનફિલ્ડ ગંગા એક્સપ્રેસ વેનું** ઉદ્ઘાટન કર્યું. આ એક્સપ્રેસવેનું કુલ અંતર 594 કિલોમીટર છે. દેશનો સૌથી લાંબો એક્સપ્રેસવે **દિલ્હી-મુંબઈ પ્રોજેક્ટ** છે જે 1386 કિલોમીટરનો છે. પરંતુ, તે વર્ષ 2027-28માં પૂર્ણ થશે.

- SIPRI અનુસાર, ભારત 2025માં ₹ 7.6 લાખ કરોડના સંરક્ષણ ખર્ચ સાથે વિશ્વનો **પાંચમો** સૌથી મોટો લશ્કરી ખર્ચ કરનાર દેશ બનશે. ભારતનું સંરક્ષણ બજેટ 8.9% વધ્યું છે, જે UKને પાછળ છોડી ગયું છે. ભારત પછી અમેરિકા, ચીન, રશિયા અને જર્મનીનો ક્રમ આવે છે. વૈશ્વિક સ્તરે કુલ લશ્કરી ખર્ચ ₹ 273.6 લાખ કરોડ સુધી પહોંચી ગયો છે.

- IRCTCએ 14 દિવસની 'ભારત-ભૂતાન મિસ્ટિક માઉન્ટેન ટૂર' શરૂ કરી છે. આ રેલ-કમ-રોડ યાત્રા છે, જે નવી દિલ્હીથી પ્રીમિયમ ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેનમાં શરૂ થાય છે. આ પ્રવાસમાં ગુવાહાટી,

શિલોંગ, ચેરાપુંજી, પછી હાસીમારા વાયા ફુએન્તશોલિંગ, થિમ્પુ. પારો અને ભૂટાનમાં પુનાખાનો સમાવેશ થાય છે.

- સમોઆના અપિયામાં યોજાયેલી કોમનવેલ્થ યુથ અને જુનિયર વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ભારતે ચાર ગોલ્ડ મેડલ જીત્યા. ગોલ્ડ મેડલ વિજેતાઓમાં સુનીલ સિંહ (65 કિગ્રા), ઐસંગફા ગોગોઈ (મહિલા 58 કિગ્રા), અભિનોબ ગોગોઇ (71 કિગ્રા) અને ચારુ પેસી (યુનિવર્સલ કપ 65 કિગ્રા) હતા.

- સરકાર રમતગમતમાં પ્રોત્સાહન આપવા માટે IP નોંધણી ફી પર 3 વર્ષની માફી આપશે. આ મુક્તિમાં ટ્રેડમાર્ક, પેટન્ટ, કોપીરાઇટ્સ, ડિઝાઇન અને GI ટેગનો સમાવેશ થાય છે, જે સ્ટાર્ટઅપ્સ, રમતવીરો અને વિદ્યાર્થીઓને કોઇપણ ખર્ચ વિના તેમના વિચારો રજિસ્ટર કરવાની મંજૂરી આપે છે.

- **સિમ્બાયોસિસ સ્કિલ્સ એન્ડ પ્રોફેશનલ યુનિવર્સિટીએ** એશિયાની પ્રથમ યુનેસ્કો ચેર (લિંગ સમાવેશ અને કૌશલ્ય વિકાસ) શરૂ કરી. તેનો ઉદ્દેશ્ય મહિલાઓને સશક્ત બનાવવા અને AI, રોબોટિક્સ અને અદ્યતન ઉત્પાદન જેવા ઉભરતા ક્ષેત્રોમાં તેમની ભાગીદારી વધારવાનો છે.

